અમદાવાદ રૂરલ ના મહે. ૫માં એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, અમદાવાદ રૂરલ એટ મિરઝાપુર

ક્રિ.કે.નં. ૮૫૧૫/૨૦૧૯
આંક–

ફરીયાદીઃ– શ્રી સરકાર
વિરુધ્ધ

આરોપીઃ– પ્રતાપજી કરણજી ઠાકોર
રહે : મ નં. ૨૪૬ ઠાકોર વાસ ૨ ગામ પુદગામ તા.વિસનગર મહેસાણા

**ઠરાવ**

(૧) ફરીયાદપક્ષના કેસની તપાસના અંતે પોલીસ આરોપી સામે ઉપરોક્ત ગુન્હા અંગેનું ચાર્જશીટ અત્રેની કોર્ટમાં દાખલ કરેલ.

(૨) ત્યારબાદ આરોપીને સમન્સ બજતા આરોપી કોર્ટ રુબરુ હાજર થતાં તેને કેસ પેપર્સની નકલો આપી આંક– ૧૬થી તહોમતનામું ફરમાવવામાં આવ્યું હતું. આરોપીની આંક–૧૭–૧૮ થી પ્લી રેકર્ડ કરતા આરોપીએ સ્વૈચ્છિક રીતે અને કોઈપણ જાતના દબાણ કે ધાક ધમકી વગર ગુનાની કબુલાત કરેલ. તેમજ આંક–૧૯ થી ગુન્હા કબુલાતની પુરસીસ આપીને પોતાને ઓછામાં ઓછી સજા અને દંડ કરવા માટે પુરતા કારણો હોવાનું જણાવેલ છે. આરોપી ગુનો કબુલ કરવા બંધાયેલ નથી તેમ જણવવા છતાં અને સમજાવવા છતાં પણ તેઓ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરતા હોઈ ગુના કબુલાતની પુરસીસ રેકર્ડે લેવામાં આવેલ છે.

(૩) આરોપી સામે ધી બોમ્બે પ્રોહીબીશન એક્ટની કલમ–૬૫એએ, મુજબના ગુનાનું તહોમત છે. તેમજ આરોપીની આંક–૩૦ની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમાં જણાવેલા કારણો ધ્યાને લેતાં આરોપી ગરીબ અને મધ્યમ વર્ગનો માણસ જણાય છે. તેમજ તે કુટુંબના એક માત્ર કમાનાર સભ્ય છે, તેના શીરે તેના કુટુંબના ભરણપોષણની જવાબદારી છે, તેઓનો આ પ્રથમ ગુનો હોવાનું જણાવતા હોય, આથી જો ઓછી સજા અને દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ છે.

(૪) આ કામે સજાની જોગવાઈ ધ્યાને લેતા આ કામે મહત્તમ ૩ વર્ષ સુધી કેદની સજા અને દંડની જોગવાઈ છે. આમ આરોપીની સ્થિતિ, સંજોગો વિગેરે ધ્યાને લેતા કાયદામાં ઠરાવેલ ન્યુનતમ સજા અને દંડ કરવા માટે વ્યાજબી કારણો જણાતા હોય, વિ.એ.પી.પી. શ્રી તથા આરોપીને સજા અંગે સાંભળ્યા બાદ નીચે મુજબ હુકમ કરું છું.

**આખરી હુકમ**

આરોપી પ્રતાપજી કરણજી ઠાકોર રહે : મ નં: ૨૪૬ ઠાકોર વાસ ર ગામ પુદગામ તા.વિસનગર મહેસાણા નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮(૨) અન્વયે ધી બોમ્બે પ્રોહીબીશન એકટની કલમ–૬૫એએ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપી ને પ્રોહીબીશન એકટના ગુના માટે કોર્ટ ઉઠતા સુધીની સજા તથા રુ. ૨૦૦/–લેખે દંડ અને દંડ ન ભરે તો દિન–૭ની વધુ સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ ગેલન અપીલ સમય વિત્યે સરકાર ખાલસા કરવા અને બાકીનો મુદ્દામાલ અપીલ સમય વીત્યે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ આજ તારીખ ૧૩ મીં મે, સને ૨૦૨૩ ના રોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૫/૨૦૨૩

(વિપિન કુમાર બંસલ)
૦૫માં એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
અમદાવાદ રૂરલ, મિરજાપુર
જજ કોડ નં.જી.જે.૦૧૨૩૩